જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૪/૨૦૧૮ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૧૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૧૦ લીટર દેશી દારૂ, ૧૬૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૫ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૯૬ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૧૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૭૧૮/૧૮

**ચાંદખેડા :** રચનાબહેન પુષ્કરરાય તલસાણિયા(જૈન) (ઉ.વ.૪૫)(રહે,ધરતી કોમ્પ્લેક્ષ ત્રાગડ રોડ ચાંદખેડા) એ તા.૧૩/૪/૧૮ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૧/૧૭ રાતના ૧૧/૫૫ થી ૧૨/૦૦ તથા તા.૧૧/૧૧/૧૭ ના રોજ તથા તા.૦૭/૦૩/૧૮ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે રચનાબહેન ના બેંક ઓફ ઇંન્ડિયા ના બચતખાતા માંથી તેમજ બેંક ઓફ બરોડાના બચત ખાતામાંથી કોઇ અજાણી વ્યક્તિએ અલગ-અલગ એ.ટી.એમ. થી ઓનલાઇન ટ્રાન્ઝેકશન કરી કુલ રૂપિયા ૪૩,૧૨૦/- ઉપાડી લઇ, રચનાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.સી.પટેલ ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૭૧૯/૧૮

**પાલડી :** હેમલ સ/ઓ જીતુભાઇ ચોકસી (રહે,પાર્શ્વ બંગલો, મેઘમણી હાઉસ અશોકનગર ક્રોસ રોડ, પાલડી)એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૪/૧૮ ના કલાક ૦૦/૩૦ થી સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના બેડરૂમના બારીના સળીયા પહોળા કરી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, ડ્રોવરમાં મુકેલ ચાવી વડે તીજોરી ખોલી તીજોરીમાંથી ચાંદી કિંમત રૂપીયા ૨૪,૩૫,૯૭૮/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**સરદારનગર :** શ્યામલભાઇ શેઠુમલ રામાણી (રહે,ઓમ એવન્યુ મહારથી સોસાયટી, સરદારનગર) એ તા.૧૩/૪/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૪/૧૮ ના કલાક ૦૫/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૭૭,૦૦૦/-, બે સોના ની ચેઇન, એક સોના ની બંગડી, એક જોડી સોના ની બુટ્ટી, બે વિંટી મળી કુલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.પટેલ ચલાવે છે.

**બેદરકારીથી મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૭૨૦/૧૮**

**શાહીબાગ :** કમાભાઇ S/O માલાભાઇ ચાવડા (ઉ.વ.૪૦)(રહે,સાંતલપુરા ગામ એસ્સાર કંપનીના મકાનમાં તા.સાંતલપુર જીપાટણ) એ તા.૧૩/૪/૧૮ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે કમાભાઇના પત્ની જીવીબેન ના પેટમા ગાંઠ હોવાથી તા.૧૪/૦૩/૧૨ નારોજ શાહીબાગ સિવીલ હોસ્પીટલ ખાતે આરોપી (૧) ડૉ.હાર્દિક બિપીનચંદ્ર ભટ્ટ (રહે,સચીન ટાવર, શ્યામલ આનંદનગર રોડ, સેટેલાઈટ) (૨) ડૉ.સલીલ પાટીલ (૩) ડૉ.પ્રેરક પટેલ (રહે,અમદાવાદ શહેર) ભેગામળી જીવીબહેનનું ઓપરેશન કરી ગાંઠ બહાર કાઢેલ હતી. ત્યારબાદ પેટનો દુ:ખાવો મટતો ન હોવાથી તા.૨૯/૩/૧૭ ના રોજ ગાંધીધામ ખાતે આવેલ વોરા જનરલ એંડ સર્જીકલ હોસ્પિટલમાં સારવાર લેતા ફરજ પરના ડો.શ્રી એ સોનોગ્રાફી અને એક્ષ-રે કરાવતા, જીવીબહેનના પેટમા કાતર જેવુ સાધન હોવાનુ જણાવેલ અને પહેલા જ્યા ઓપરેશન કરાવેલ ત્યા લઇ જવા જણાવતા, જીવીબહેન તા.૦૧/૪/૧૭ ના રોજ સિવીલ હોસ્પીટલ લાવી દાખલ કરેલ હતા જ્યાં તેઓનું ફરીવાર ઓપરેશન કરી પેટ માંથી કાતર કાઢેલ હતી. ત્યારબાદ સારવાર હેઠળ તા.૦૩/૯/૧૭ બપોરના ૨/૧૦ વાગે જીવીબેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.કે.પટેલ ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૭૨૧/૧૮**

**ચાંદખેડા :** રોનકભાઇ હરિભાઇ બોરણા (ઉ.વ.૨૦)(રહે,હરીકૃપા સોસાયટીની આગળના છાપરમાં, વિસત ગાંધીનગર હાઇવે ડી-માર્ટ મોલની સામે ચાંદખેડા) તા.૧૧/૦૪/૧૮ ના કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની આગળ વોટર સપ્લાય પ્લાન્ટ ઉપર પ્લાસ્ટીકની પાણી ભરેલી બોટલ ટેમ્પામાં મુકવા જતા લોખંડની પાઇપનો સહારો લેતાં, તેમાંથી કરંટ લાગતા, સારવાર અર્થે તેમને શ્રીજી હોસ્પીટલ મા દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૪/૧૮ રાતના ૧૦/૩૦ વાગે રોનકભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મઇજીભાઇ મેહુરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૨૨/૧૮**

**ઘાટલોડીયા :** અલકાબેન રાજેશભાઇ ઝીઝુવાડીયા (ઉ.વ.૪૫)(રહે,ચાંદની એપાર્ટમેન્ટ સોલા રોડ ઘાટલોડીયા) એ બીમારીથી કંટાળી જઇ તા.૧૩/૦૪/૧૮ રાતના ૦૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સીલીંગ ફેન સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇઆત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**વાસણા :** નીતીનભાઇ જ્ઞાનેશ્વરભાઇ શેગાવકર (ઉ.વ.૩૫)(રહે,ઔડાના મકાન ભાઠાગામ ગણેશનગર વાસણા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૧૮ સાંજના ૦૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતાં સારવાર અર્થે તેમને વા.સા. હોસ્પીટલમાં લાવતા તા.૧૨/૦૪/૧૮ રાતના ૯/૧૦ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચોધરી ચલાવે છે.

**કાગડાપીઠ :** સુધીરભાઇ જનાર્દનભાઇ ભટ્ટ (ઉ.વ.૫૬)(રહે,કંકાવટી ફ્લેટ પી એન્ડ ટી કોલોની પાસે વાસણા) એ ભાડાની દુકાનનો કોર્ટનો કેસ હારી જતાં મનમાં લાગી આવતા તા.૦૭/૦૪/૧૮ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ગીતા મંદિર લાટી બજાર ભટ્ટ એન્ડ કંપની નામની દુકાન ખાતે ઉધઇ મારવાની દવા પી જતાં, શરીરે અસર થતા સારવાર માટે તેમને હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં તા.૧૩/૦૪/૧૮ સાંજના ૫/૧૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નટવરભાઇ હરજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.